આખા વર્ષમાં વ્યસ્ત લાઇફ બાદ બર્થ-ડે પર જોરદાર સેલીબ્રેશનની સાથે મસ્તી ભર્યું વેકેશન તો બને જ છે. પરંતુ જ્યારે કોઇ વેકેશનમાં ઇન્ડિયન ક્રિકેટર્સ અને ગ્લેમર વર્લ્ડ એક સાથે જાવા મળે તો મામલો કંઇક વધારે જ ગ્લેમર્સ થઇ જાય છે. આજકાલ એક એવા જ વેકેશનની તસવીર સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી રહ્યાં છે. અમે જણાવી રહ્યા છે ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેની તસવીરો જે હાલમાં માલદીવની સુંદરતા વચ્ચે જોવા મળી રહ્યા છે.

પાકિસ્તાન સેનાના લેટનન્ટ જનરલ અસીમ મુનીર ISIના નવા ચીફ

. . . ઈસ્લામાબાદ,તા.૧૦ . . .

પાકિસ્તાનની સેનાના લેટનન્ટ જનરલ અસીમ મુનીરને ઈન્ટર સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) ના પ્રમુખ નિમવામાં આવ્યા છે. અસીમ મુનીર પૂર્વ આઈએસઆઈ ચીફ લેટનન્ટ નાવેદ મુખ્તારની જગ્યા લેશે. આ પહેલા પાકિસ્તાન મીડિયામાં પણ તેમને ISIમાં પ્રમુખ પદ આપવાની સંભાવનાઓએ રંગ પકડ્યો હતો. પાકિસ્તાનની સેનાએ સપ્ટેમ્બરમાં પાંચ મેજર જનરલના પ્રમોશન કરીને લેટનન્ટ બનાવ્યા હતા. જેમાં અસીમ મુનીર પણ સામેલ હતા. લેટનન્ટ જનરલ અસીમ મુનીર પાકિસ્તાન મિલેટરી ઈન્ટેલિજન્સના વડા તરીકે પણ સેવા આપી હતી. આ સિવાય તેઓ ફોર્સ કમાન્ડ નોર્ધન એરિયાના કમાન્ડર તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે. અસીમ મુનીરને માર્ચ ૨૦૧૮માં હિલાલ-એ-ઈમ્તિયાજ એવોર્ડથી પણ સમ્માનિત કરાયા છે. હિલાલ-એ-ઈમ્તિયાજ પાકિસ્તાનનું બીજુ મોટું નાગરિક પુરસ્કાર છે જે પાકિસ્તાન સેનાના અધિકારીઓને આપવામાં આવે છે.

પાકિસ્તાન સેનાએ આ અંગેની સત્તાવાર જાહેરાત કરતા અન્ય મહત્વ પદો પર અધિકારીઓની વરણીની જાણકારી આપી હતી. જે મુજબ લેટનન્ટ જનરલ અઝહર સાલેહ અબ્બાસી જનરલ હેડકવાર્ટરમાં ચીફ ઓફ લાજીસ્ટિક સ્ટાફની જવાબદારી સંભાળશે. લેટનન્ટ જનરલ અબ્દુલ અઝીઝને જનરલ હેડકવાર્ટર્સના સેના સચિવ તરીકે નિમવામાં આવ્યા છે. લેટનન્ટ જનરલ મોહમદ અદનાન અને વસીમ અશરફની અનુક્રમે વાઇસ ચીફ ઓફ જનરલ સ્ટાફ અને આર્મ્સ આઈજી તરીકે નિમણૂક કરાઈ હતી.

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની શરૂઆત બાદથી ભારતીય ક્રિકેટ અને બોલીવુડ ખૂબ નજીક આવી ચૂક્યા છે. ખાસ કરીને ક્રિકેટર અને બોલીવૂડની અભિનેત્રીઓની વચ્ચે અફેરની ખબરો આવતી રહે છે. ભારતના આ અનુભવી ઓફ સ્પિનર હરભજનના પણ બોલીવુડથી સંબંધ છે. તેને અભિનેત્રી ગીતા બસરાથી લગ્ન કર્યા છે. જોકે તેની પસંદગીની અભિનેત્રી કાજોલ છે, અને હાલમાં જ તેમણે કાજોલની સાથે એક સેલ્ફી ક્લિક કરી છે. જેને ભક્કીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે.

ભાજપને ફટકો : માનવેન્દ્રસિંહ ૧૩ ઑક્ટોબરે કોંગ્રેસમાં જોડાશે

. . . જયપુર,તા.૧૦ . . .

રાજસ્થાનની વિધાનસભાની ચૂંટણી અંગેના સર્વેમાં કોંગ્રેસ માટે ઉત્સાહજનક વરતારો થઈ રહ્યો છે ત્યારે ભાજપને વધુ એક ફટકો વાગવાના એંધાણ છે.ભાજપના સિનિયર આગેવાન જસવંતસિંહના પુત્ર માનવેન્દ્રસિંહ ૧૩ ઓક્ટોબરે કોંગ્રેસમાં રાહુલ ગાંધીની હાજરીમાં જોડાઈ શકે છે. માનવેન્દ્ર ભાજપ છોડવાનુ જાહેર પહેલા જ કરી ચુક્યા છે.એવી યોજના બનાવવામાં આવી રહી છે કે માનવેન્દ્ર પોતાના સમર્થકો સાથે રેલી કાઢીને કોંગ્રેસમાં સામેલ થયા. જો આવુ થયુ તો પશ્ચિમિ રાજસ્થાનની રાજકારણમાં મોટો બદલાવ આવશે. આ વિસ્તારમાં રાજપૂત પરંપરાગત રીતે ભાજપના વોટર રહ્યા છે. એવામાં રાજપૂત સમુદાય મોટી સંખ્યામાં કોંગ્રેસ તરફ વળી શકે છે.માનવેન્દ્ર હાલમાં બાડમેરથી ભાજપના ધારાસભ્ય છે.

દેશમાં સૌપ્રથમ વખત ચાર વર્ષની બાળકીની ખોપડીનું કરાયું સફળ ટ્રાન્સપ્લાન્ટ

. . . પૂણે,તા.૧૦ . . .

ભારતના પુણે શહેરમાં પ્રથમ વખત સ્કલ (ખોપડી) ટ્રાન્સપ્લાન્ટની સર્જરી સફળ થઈ છે. ડોકટરોએ ૪ વર્ષની બાળકીની ૬૦ ટકા ડેમેજ થયેલી ખોપડીની જગ્યાએ ત્રણ-ડાયમેન્શનલ ઇન્ડિવિઝ્યુલાઈઝ પોલિથિન બોન લગાવ્યુ છે. આ એક પ્રકારનાં હાડકું છે જે અમેરિકા સ્થિત એક કંપનીએ બનાવ્યા છે. તેની લંબાઈ અને આકાર ડેમેજ સ્કલના બરાબર હતો.

જે બાળકીની ખોપડીનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું તે માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. જેના કારણે તેની ખોપડી ડેમેજ થઈ ગઈ હતી. તેને બે મોટી સર્જરી પછી હોસ્પિટલથી રજા આપવામાં આવી હતી. તેને આ જ વર્ષે ફરી એકવાર હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી અને ૧૮મે તેની ખોપડીની ટ્રાન્સપ્લાંટની સર્જરી થઈ હતી. બાળકીની માતાએ જણાવ્યું કે તે શાળામાં પણ જાય છે અને મિત્રો સાથે રમે પણ છે. તેના પિતા સ્કુલ બસના ડ્રાઈવર છે.

બાળકીની સારવાર કરનાર ભારતી હોસ્પિટલના ડોકટર જિતેન્દ્ર ઓસ્વાલે જણાવ્યું કે અકસ્માતની અસર ખૂબ જ ઘાતક હતી. તેને અચેત અવસ્થામાં હોસ્પિટલમાં લાવવામી આવી હતી. તેના માથાના ભાગમાંથી ખૂબ જ લોહી નીકળી રહ્યું હતું. જેના પછી તેને તાત્કાલીક વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. સીટી સ્કેનમાં જાણવા મળ્યું કે તેની ખોપડીના પાછળના હાડકાંમાં ફ્રેકચર થયુ છે.

આ હાડકાંને ઓપ્ટિકલ સ્કલ કહેવાય છે. જેની અસર મગજ પર પડે છે. તેના કારણે મગજમાં પ્રવાહી પદાર્થો એટલે કે એડીમાનું વધુ સંગ્રહ થાય છે. જ્યારે દાખલ થયાના ૪૮ કલાક પછી પણ પરિસ્થિતિમાં સુધારો જોવા ન મળ્યો, તેથી ફરીથી સીટી સ્કેન કરવામાં આવ્યું જેમાં એડિમા વિશે જાણવા મળ્યું હતું. કૃત્રિમ વેન્ટિલેશન અને મેડિકલ થેરેપી આપવામાં આવી પરંતુ એડિમા ઓછું ન થયું. જેના પછી સર્જરી કરવી પડી. સર્જરી પછી બાળકીની સ્થિતિમાં સુધરો જોવા મળ્યો છે.

ત્રણ ડિરેક્ટરોને કસ્ટડીમાં લેવાયા બાદ આદેશ જારી

આમ્રપાલી ગ્રુપની નવ પ્રોપર્ટી સીલ કરવાના આદેશ કરાયા

નોઇડા અને ગ્રેટર નોઇડા સ્થિત સાત પ્રોપર્ટી સીલ : આ જગ્યા ઉપર તેની ૪૬ ગ્રુપ કંપનીઓના દસ્તાવેજો રખાયા

. . . નવી દિલ્હી, તા. ૧૦ . . .

સુપ્રીમ કોર્ટે આમ્રપાલી ગ્રુપની નોઇડા અને ગ્રેટર નોઇડા સ્થિત સાત પ્રોપર્ટીને સીલ કરવાનો આજે આદેશ કરતા ખળભળાટ મચી ગયો હતો. આ જગ્યા પર જ તેમની ૪૬ ગ્રુપ કંપનીઓના દસ્તાવેજ મુકવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ યુયુ લલિત અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ ઉપરાંત બિહારના રાજગીર અને બકસર સ્થિત બે પ્રોપર્ટીને પણ સીલ કરવાના આદેશ જારી કરી દીધા છે. આ પ્રોપર્ટીની ચાવી સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રારની પાસે રાખવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે તમામ ૪૬ કંપનીઓના દસ્તાવેજ ફોરેન્સિક ઓડિટર્સને આપવાના પણ આદેશ કર્યા છે. જ્યાં સુધી સાત પ્રોપર્ટી સીલ કરવામાં આવશે નહીં ત્યાં સુધી વિવિધ પગલા લેવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આમ્રપાલી ગ્રુપ દ્વારા દસ્તાવેજ જમા કરવાને લઈને કરવામાં આવી રહેલી બેદરકારીને લઈને સુપ્રીમ કોર્ટ ભારે લાલઘૂમ છે. ગઈકાલે મંગળવારના દિવસે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આમ્રપાલી ગ્રુપના ત્રણ ડિરેક્ટરોને પોલીસે પોતાની કસ્ટડીમાં લઈ લીધા હતા. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દસ્તાવેજો જમા કરવામાં ના આવે ત્યાં સુધી ત્રણેય ડિરેક્ટરો પોલીસની કસ્ટડીમાં રહેશે. આમ્રપાલી રિયલ એસ્ટેટ ગ્રુપના ડિરેક્ટરો અનિલકુમાર શર્મા, શિવપ્રિયા, અજયકુમારને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. આમ્રપાલી ગ્રુપના બાકી રહેલા પ્રોજેક્ટોના પરિણામ સ્વરુપે મોટી સંખ્યામાં રોકાણકારોના પૈસા અટવાઈ પડ્યા છે. આ પહેલા કોર્ટે રિયલ એસ્ટેટ કંપની તરફથી રજૂ કરવામાં આવેલા વકીલને પ્રશ્ન કર્યા હતો કે, ફોરેન્સિક ઓડિટ સાથે સંબંધિત દસ્તાવેજોને હજુ સુધી ઓડિટરોની પાસે કેમ જમા કરવામાં આવ્યા નથી. આ પહેલા સુપ્રીમ કોર્ટે ડીઆરટીને આમ્રપાલીની ૧૬ સંપત્તિઓની હરાજી કરવા અથવા તો વેચાણ કરવા માટેનો આદેશ કર્યો હતો. એવો અંદાજ મુકવામાં આવ્યો હતોકે, સંપત્તિના વેચાણથી ૧૬૦૦ કરોડ રૂપિયા એકત્રિત થઈ શકે છે.

બોલો...પત્નીને પતિમાં નહીં પરંતુ પૈસામાં રસ છે, સુપ્રિમે છૂટાછેડા કરાવી આપ્યા

. . . ન્યુ દિલ્હી,તા.૧૦ . . .

સુપ્રીમ કોર્ટે એક શખ્સની પત્નીના નિવેદનને ધ્યાનમાં લઈને આદેશ કર્યો હતો કે તે પોતાની પત્નીને એક ક્રોડ રૂપિયા આપી દે. એ વ્યક્તિની પત્નીએ કહ્યું હતું કે તેને લગ્નમાં નહીં પણ પૈસામાં દિલચસ્પી છે.જસ્ટિસ જોસેફ કુરિયનની અધ્યક્ષતાવાળી પીઠે આદેશ કર્યો છે કે એ વ્યક્તિએ ૧૬ મહિનામાં દર ચાર મહિને ૨૫ લાખ ચૂકવવાના રહેશે.બંને વચ્ચે ૨૦૦૦ની સાલમાં લગ્ન થયા હતા. પત્નીના આરોપ મુજબ દહેજ માટે તેઓ પ્રતાડિત કરતા હતા, જેને પગલે દિલ્હીથી લઈને ફરિદાબાદ સુધીમાં તેમના અને પરિવાર વચ્ચે અનેક કેસ ચાલે છે. પત્નીએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે તેને લગ્નમાં નહીં ફકત પૈસામાં રસ છે, તો બીજી તરફ પતિએ પણ કેસ પૂરો કરવામાં રસ હોવાનું જણાવ્યું હતું.

ભાજપ નેતા ડેન્ગ્યુમાં સપડાયા, સારવાર દરમ્યાન મોત નિપજયું

. . . બિલાસપુર,તા.૧૦ . . .

ડેન્ગ્યુમાં સપડાતા બિલાસપુરના ભાજપના નેતાનું ચંદીગઢ (પીજીઆઈ)માં મૃત્યુ થયું છે. બિલાસપુરના મલ્યાવરના રહેવાસી સુભાષ ચંદેલનો વ્યવસાય શિમલામાં હતો. થોડા દિવસ પહેલા તેઓ પોતાના ઘરે આવ્યા હતા અને અહીં ડેન્ગ્યુની બીમારીનો શિકાર બની ગયા હતા.

તેમની સારવાર બિલાસપુર હોસ્પિટલમાં ઘણા દિવસોથી ચાલી રહી હતી, પરંતુ સ્વાસ્થ્યમાં કંઈ સુધારો થયો ન હોવાથી તેમની સારવાર શિમલામાં પણ કરવામાં આવી. અહીં પણ પરિસ્થિતિ ખરાબ થઈ જતા તેમને પીજીઆઈ ચંડીગઢ રીફર કરવામાં આવ્યા. ત્રણ દિવસ સારવાર પછી અહીં તેમનું મૃત્યુ થયું છે.

શિમલામાં ભારતીય જનતા યુવા મોર્ચા મંડળના અધ્યક્ષ રહી ચૂકેલા સુભાષ ભાજપના મોટા નેતાઓના ખાસ ગણાતા હતા. ઉલ્લેખનીય છે કે બિલાસપુરમાં ડેન્ગ્યુ જીવલેણ બન્યો છે. બિલાસપુર અને મંડીમાંન ડેન્ગ્યુના કારણે એક-એક વ્યકિતનું મોત થયું છે. મંડીના ડૈહર નિવાસી વ્યકિતનું ડેન્ગ્યુના કારણે બિલાસપુર હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. સીએમઓ બી.કે.ચૌધરીએ જણાવ્યું કે તેમને પાસે આ કેસની માહિતી નથી પહોંચી. મૃતકના સંબંધી કુલદીપે જણાવ્યું કે સુભાષ ચંદેલ બિલાસપુર આવ્યા ત્યારબાદ તરત જ ડેન્ગ્યુમાં સપડાયા હતા. સૌપ્રથમ બિલાસપુર ત્યારબાદ શિમલામાં તેમની સારવાર કરવામાં આવી. ડોકટરોના જણાવ્યા મુજબ સુભાષના પ્લેટલેટ્સ ૧૦ હજાર સુધી પહોંચ્યા હતા.

સીઈઓ અને અન્ય બે અધિકારીઓ સસ્પેન્ડ થયા

સ્ટીલ પ્લાન્ટ બ્લાસ્ટમાં મોતનો આંક વધીને ૧૧ ઉપર પહોંચ્યો

. . . રાયપુર, તા. ૧૦ . . .

છત્તીસગઢના ભિલાઈ સ્ટીલ પ્લાન્ટમાં થયેલા બ્લાસ્ટના મામલામાં મોતનો આંકડો વધીને આજે ૧૧ ઉપર પહોંચ્યો હતો. ઘાયલ થયેલા અને સારવાર હેઠળ રહેલા વધુ બે લોકોના મોત થતાં મૃતાંક વધીને ૧૧ ઉપર પહોંચ્યો હતો. ઘટનાક્રમના ભાગરૂપે ભિલાઈ સ્ટીલ પ્લાન્ટના ચીફ એકઝીકયુટિવ ઓફિસર (સીઈઓ)ને તરત દૂર કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય સ્ટીલ મંત્રી ચૌધરી વિરેન્દ્રસિંહ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. વિરેન્દ્રસિંહ ઘાયલ થયેલા કર્મચારીઓને મળવા માટે જવાહરલાલ નહેરુ હોસ્પિટલમાં પહોંચ્યા હતા જે રાયપુરથી ૩૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. મંગળવારના દિવસે આ બ્લાસ્ટ થયો હતો. ઘાયલ ૧૪ લોકો પૈકી બેના મોત આજે વહેલી પરોઢે થઈ ગયા હતા. ભિલાઈ સ્ટીલ પ્લાન્ટના પબ્લિક રિલેશન ઓફિસર દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. સીઈઓ એમ રવિને દૂર કરી દેવામાં આવ્યા છે જ્યારે જનરલ મેનેજર પંડ્યા રાજા અને ડેપ્યુટી જનરલ મેનેજર નવીનકુમારને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે મંગળવારના દિવસે પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જે પ્લાન્ટમાં બ્લાસ્ટ થયો હતો તે પાટનગર રાયપુરથી આશરે ૩૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. તેનું સંચાલન સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે. પ્લાન્ટમાં બ્લાસ્ટ થયા બાદ ભીષણ આગ ફાટી નિકળી હતી. જેને ધ્યાનમાં લઈને બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરવામાં આવી હતી. સાથે ફાયર બ્રિગેડની ટુકડીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ભિલાઈ સ્ટીલ પ્લાન્ટમાં ગેસ પાઈપલાઈનમાં રિપેરિંગ કામગીરી વેળા આ બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ બાદ તમામ ઘાયલોને તરત જ સેકટર-૯ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બ્લાસ્ટ થયો ત્યારે પ્લાન્ટના કોક્ઓવનમાં ૨૫થી વધુ કર્મચારી કામ કરી રહ્યા હતા. ગઈકાલે સવારે ૧૧ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. આ પહેલા જૂન ૨૦૧૪માં પણ ભિલાઈ સ્ટીલ પ્લાન્ટમાં પંપ હાઉસમાં બ્લાસ્ટ થયો હતો. તે વખતે છ લોકોના મોત થઈ ગયા હતા. જ્યારે ૩૪ લોકો ઘાયલ થયા હતા. આ વર્ષે ઉત્તરપ્રદેશમાં રાયબરેલી નજીક એનટીપીસી પ્લાન્ટમાં બ્લાસ્ટ થયો હતો જેમાં ૩૨થી વધુ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. બીજી બાજુ કેન્દ્રીય મંત્રી વિષ્ણુદેવ સાઈએ કહ્યું છે કે, આ બનાવમાં તપાસ કરવા સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ચાર સભ્યોની સમિતિની રચના કરી દીધી છે. આ મામલામાં અહેવાલ તૈયાર કરાયા બાદ સુપ્રરત કરવામાં આવશે. ઈન્ડિયન પીનલ કોડ હેઠળ તપાસ પણ હાથ ધરાઈ છે.

ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક નંબીને ૫૦ લાખનું વળતર ચૂકવાયું

નંબી વિરુદ્ધ ષડ્યંત્રણ ઘડ્યું હતું તેની વિરુદ્ધ કાર્યવાહી થશે : કેરલ સીએમ

. . . તિરુવનંતપુરમ્,તા.૧૦ . . .

ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક નંબી નારાયણને સુપ્રીમ કોર્ટના ચુકાદામાં જાસૂસીના આરોપથી મુકત કરાયા બાદ કેરળના મુખ્યમંત્રી પિનરઈ વિજ્યને વળતર તરીકે ૫૦ લાખ રૂપિયા આપ્યા છે. કાર્યક્રમ દરમિયાન સીએમએ જણાવ્યું કે, જે લોકોએ નંબી વિરુદ્ધ ષડયંત્ર ઘડ્યું હતું તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે. તેમણે જણાવ્યું કે, જે અધિકારીઓએ નંબી પર ટોર્ચર કર્યું હતું તેમની જવાબદારી નક્કી કરાશે અને સરકાર કાયદાકીય માર્ગ અપનાવવાની વિચારણા કરી રહી છે.તેમણે જણાવ્યું કે, સુપ્રીમના આદેશ પ્રમાણે નંબીના એકાઉન્ટમાં ૫૦ લાખ રૂપિયાનું વળતર પેટે જમા કરાવાયા છે. તેમના સમ્માન માટે સરકાર કાર્યક્રમ આયોજીત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, નંબીએ અપમાન અને ટોર્ચર સહન કરવા બાદ સમ્માન કરવું એ સૌથી ઉત્તમ માર્ગ છે.સીએમએ જણાવ્યું કે, નંબીએ અત્યંત સાહસ ,ઈચ્છાશક્તિ અને ત્યાગ દ્વારા લડત આપી છે. ત્યાંજ નંબીએ જણાવ્યું કે, વિજ્યન એકલા એવા સીએમ છે જેમણે જાસૂસી કેસને ખોટો ઠેરાવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, ૨૪ વર્ષ અગાઉ પોલીસ મારા ઘરે આવી હતી તેમણે જણાવ્યું કે ડીઆઈજી બોલાવે છે તેમ કહીને મને ઉઠાવી ગયા હતા. ત્યાર બાદ ખોટા આરોપસર મને જેલમાં રાખ્યો અને મારા પર અત્યાચાર ગુજારાયો હતો.

તુષાર મહેતા બન્યા દેશના નવા સોલિસિટર જનરલ, કેન્દ્ર સરકારે આપી મંજૂરી

. . . ન્યુ દિલ્હી,તા.૧૦ . . .

તુષાર મહેતાને સોલિસિટર જનરલ ઓફ ઈન્ડિયા બનાવવામાં આવ્યા છે. આ પહેલાં તેઓ એડિશનલ સોલિસિટર ઓફ ઈન્ડિયાની પોસ્ટ પર હતાં. નોંધનીય છે કે, રંજીત કુમારે જ્યારથી રાજીનામું આપી દીધું ત્યારથી ઓકટોબર ૨૦૧૭થી આ પદ ખાલી હતું.તુષાર મહેતા મુળ ગુજરાતના જામનગરના છે અને તેમણે ૮૦ના દાયકાથી વકિલાત શરૂ કરી હતી. તેમના પિતા જામનગર તાલુકામાં અધિકારી હતાં. તેઓ ખૂબ નાના હતાં ત્યારે જ તેમના પિતાનું એક રોડ એકિસડન્ટમાં મોત થઈ ગયું હતું. નહતી.

કોંગ્રેસના મહાગઠબંધનના પ્રયાસને વધુ એક ઝાટકો, ગઠબંધન કરવા CPMનો ઈનકાર

. . . ન્યુ દિલ્હી,તા.૧૦ . . .

આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલાં વિપક્ષી એકતા અને મહાગઠબંધનના વિચારને વધુ એક ઝાટકો લાગ્યો છે. ભારતીય કમ્યૂનિસ્ટ પાર્ટીએ (CPM) કોંગ્રેસ સાથે કોઈ પણ પ્રકારનું ગઠબંધન કરવાથી ઈનકાર કર્યો છે. ઝૅસ દ્વારા આ નિર્ણય દિલ્હીમાં સંપન્ન થયેલી ત્રણ દિવસીય કેન્દ્રીય સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. CPM દ્વારા એપ્રિલ મહિનામાં તેના રાષ્ટ્રીય સમ્મેલન દરમિયાન જે નિર્ણય લેવામાં આવ્યો હતો તેને યથાવત રાખવામાં આવ્યો હતો. જેમાં પાર્ટી દ્વારા ચૂંટણી પહેલાં કોઈ પણ પ્રકારનું ગઠબંધન નહીં કરવાનો અને ચૂંટણીના પરિણામ બાદ વિકલ્પ ખુલ્લો રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

CPMનો આ નિર્ણય બીજેપી વિરુદ્ધ વિપક્ષની એકતા માટે ઝાટકો માનવામાં આવી રહ્યો છે. આ નિર્ણય બાદ બીજેપી વિરુદ્ધ વિરોધ પક્ષની એકતા ઉપર ફરી સવાલો ઉભા થયા છે. આગામી મહિને યોજાનારી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પહેલાં મહાગઠબંધન કોઈ પણ પ્રકારનો આકાર લેવામાં નિષ્ફળ રહ્યું છે.

મોદી સરકારના મંત્રી રામવિલાસ પાસવાને જણાવ્યું,

પોકેજિંગ પર હિન્દી અને પ્રાદેશિક ભાષામાં લેબલ લગાવવા પડશે

. . . ન્યુ દિલ્હી,તા.૧૦ . . .

ગ્રાહકો પેકેજડ પ્રોડકટ્સને સરળતાથી ઓળખી શકે તે માટે તેના પર હિન્દી અને પ્રાદેશિક ભાષામાં લેબલ લગાવવા જોઈએ તેમ ગ્રાહક બાબતોના મંત્રી રામવિલાસ પાસવાને જણાવ્યું હતું. જોકે તેમણે કહ્યું કે, એફએમસીજી કંપનીઓ માટે સરકાર હિન્દી અને પ્રાદેશિક ભાષામાં લેબલિંગ ફરજિયાત બનાવવાનું વિચારતી નથી. ઉદ્યોગે સ્વૈચ્છિક રીતે આ ફેરફાર સ્વીકારવો જોઈએ. તેમણે ફિક્કીના એક કાર્યક્રમાં જણાવ્યું કે, ચીન અને જાપાન જેવા વિકસિત દેશોમાં સ્થાનિક ભાષામાં વ્યવહાર થાય છે પરંતુ આપણે ભારતમાં એવી માન્યતા કેળવી છે કે અંગ્રેજીમાં જ જ્ઞાનનો ભંડાર છે અને આપણી પોતાની ભાષામાં કોઈ જ્ઞાન નથી. તેમાં એમઆરપીની વિગત, ઉત્પાદનની તારીખ, પ્રોડકટની એક્સપાયરી ડેટ અને ફરિયાદ કઈ રીતે કરવી તેની પધ્ધતિની વિગત મોટા અક્ષરે છાપવા જણાવ્યું છે પરંતુ કંપનીઓએ આમ કર્યું નથી. પાણીની બોટલનું ઉદાહરણ આપીએ તો તેના પર બધી વિગત હિન્દીમાં ન છાપી શકાય તે સમજી શકાય પરંતુ કમ સે કમ તેનું નામ હિન્દીમાં લખવું જોઈએ.

સુપ્રીમે આસ્થાના કેન્દ્રના સંદર્ભમાં ચુકાદો આપ્યો

શૂઝ પહેરીને પોલીસ કર્મચારી જગન્નાથ મંદિરમાં પ્રવેશ ન કરે

. . . નવીદિલ્હી, તા. ૧૦ . . .

દેશના આસ્થાના કેન્દ્રોમાંથી મુખ્ય સ્થાન ગણાતા જગન્નાથ મંદિરને લઇ સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપી દીધો છે. આજે સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોઇપણ પોલીસ કર્મી હથિયારોને લઇને તથા શૂઝ પહેરીને મંદિરમાં પ્રવેશ કરી શકશે નહીં. મંદિરમાં શ્રદ્ધાળુઓ માટે લાઈન લગાવીને દર્શન કરવાની વ્યવસ્થા લાગૂ કરવાના ગાળા દરમિયાન ત્રીજી ઓકટોબરના દિવસે થયેલી હિંસાની નોંધ લેતા સુપ્રીમ કોર્ટ તરફથી આ મુજબનો આદેશ કરવામાં આવ્યો છે. શૂઝ પહેરીને તથા હથિયાર લઇને જગન્નાથ મંદિરમાં પોલીસ કર્મી પ્રવેશ કરી શકશે નહીં. સુપ્રીમના આ આદેશને લઇને જોરદાર ચર્ચા ચાલી રહી છે. ઓરિસ્સા સરકારે ન્યાયમૂર્તિ મદન બી લાકૂર અને ન્યાયમૂર્તિ દિપક ગુપ્તાની પીઠને કહ્યું હતું કે, પુરીના જગન્નાથ મંદિરમાં હિંસાના સંદર્ભમાં ૪૭ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. હાલમાં સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં છે. રાજ્ય સરકારે પીઠને કહ્યું છે કે, જગન્નાથ મંદિર સંકુલમાં કોઇપણ પ્રકારની હિંસા થઇ નથી. હિંસાના ગાળા દરમિયાન મંદિર વહીવટીતંત્રના ઓફિસ ઉપર હુમલો કરીને તોડફોડ કરવામાં આવી હતી.

રાહુલ ગાંધી ૧૩ ઑક્ટોબરે બેંગ્લોરમાં એચએલએના કર્મચારીઓને મળશે

. . . ન્યુ દિલ્હી,તા.૧૦ . . .

રાફેલ વિમાનોની ડીલ મુદ્દે મોદી સરકાર પર શરુઆતથી આક્ષેપ કરતા રહેલા રાહુલ ગાંધીએ હવે આ મુદ્દાને હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડની બેરોજગારી સાથે જોડ્યો છે.રાહુલ ગાંધી બેંગ્લોરમાં ૧૩ ઓકટોબરે કેન્ડલ માર્ચ કાઢીને એચએએલના કર્મચારીઓને મળવા માટે જશે તેમજ મોટી સરકાર પર નિશાન સાધશે.કોંગ્રેસનુ કહેવુ છે કે રાફેલ ગોટાળામાં સૌથી વધારે સહન એચએએલના કર્મચારીઓને કરવાનુ આવ્યુ છે.આ ડીલ રદ થવાના કારણે તેના ૧૦૦૦૦ કર્મચારીઓને છુટા કરવામાં આવી રહ્યા છે.જેમને રાહુલ ગાંધી મળશે.